## મુદ્દા.નં.૬૦

## આહાર ગૃહ માટે નોંધણી પ્રમાણપત્ર મેળવવા બાબત.

| | | |
|---|---|---|
| ૧ જોગવાઈ | : | મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧(સને ૧૯૫૧) નાં મુંબઈનાં ૨૨માંની કલમ -૩૩ ની પેટા કલમ ૧ નાં ખંડ એક્સ. એ. વાય. થી મળેલ સત્તાથી જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદે અમદાવાદ જીલ્લામાં (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હદ સિવાયનું આહાર ગૃહો ખોલવા / ચલાવા માટે લેવા પડતાં રજીસ્ટ્રેશન માટે તા. ૧૮/૨/૮૯ થી નિયમો ઘડેલ છે. |
| ૨ અરજી કોને કરવી | : | અમદાવાદ જીલ્લા (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હદ સિવાય) નાં વિસ્તારમાં આહાર ગૃહો ખોલવા / ચલાવવા માટે પરિશિષ્ટ-૧/૬૦ માં સંબંધિત સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીને |
| ૩ નિકાલ માટેના સત્તાધિકારી | : | સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી |
| ૪ નિકાલની સમય મર્યાદા | : | સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ૧૫ દિવસ<br>મામલતદાર અને એક્ઝી.મેજીસ્ટ્રેટશ્રી ૧૦ દિવસ<br>સંબંધિત પોલીસ સ્ટેશન ૧૦ દિવસ<br>નાયબ પોલીસ અધિક્ષકશ્રી ૧૦ દિવસ<br>કુલ... ૪૫ દિવસ |

- **અરજદારશ્રીએ અરજીમાં સંપુર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણીત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહીં.**

**<u>અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણીત નકલો સામેલ કરવાની રહેશે.</u>**

૧. સ્થાનિક આરોગ્ય અધિકારીનું "નાં વાંધા પ્રમાણપત્ર" (પરિશિષ્ટ-૨/૬૦ મુજબ)

૨.નોંધણી પ્રમાણપત્રનાં રજીસ્ટ્રેશન ફી ભર્યા અંગેનું ચલન (અસલ)

| અ નં | હેતુ | ૫૦,૦૦૦ થી નીચેના વસ્તીનાં સ્થળ માટે (રકમ રૂ.) | ૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ વચ્ચેની વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂ.) | ૧,૦૦,૦૦૦ થી વધારે વસ્તાવાળા સ્થળ માટે (રકમ રૂ.) |
|---|---|---|---|---|
| ૧. | સ્વારે ૫ થી રાત્રીનાં ૧૧-૩૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી હોટેલ અથવા રેસ્ટોરન્ટ અથવા તે સાથેનાં ભોજન ગૃહનાં સંબંઘમાં પ્રત્યેક લાયસન્સ માટે. | ૨૫૦/- | ૫૦૦/- | ૧૦૦૦/- |
| ૨. | બાબત ૧ માં નિદિષ્ટ કલાકો ઉપરાંતનાં દરેક વધારાનાં કલાક માટે | ૧૦૦/- | ૧૫૦/- | ૨૦૦/- |

૩. રહેઠાણનો પુરાવો(ન.પા./ગ્રામ પંચાયત ટેક્ષ બીલ, લાઈટ બીલ,ટેલીફોન બીલ, મતદાર ઓળખ કાર્ડની નકલ ડ્રાઈવીંગ લાયસન્સ પૈકી ગમે તે.એક)

૪. શોપ એક્ટ હેઠળનું નોંઘણી પ્રમાણપત્ર. (નગરપાલીકા / પંચાયતનું)

૫. સ્થળની માલીકી અંગેના પુરાવા (પ્રોપર્ટી કાર્ડ, ટેક્ષ બીલ, ૭/૧૨ ની નકલ)/ ભાડાની જગ્યા હોય તો ભાડા કરારની નકલ.

૬. જે જગ્યા એ ધંધો કરવા માંગતા હોય તે જગ્યા અંગેની બીનખેતીની મંજુરી ની ખરી નકલ.

૭. ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજની ખરી નકલ.

USER CHARGE RS........
PAID / NOT PAID

## પરિશિષ્ટ:-૧/૬૦

## આહારગૃહ માટે નોંધણી પ્રમાણપત્રની અરજી.

અરજદારે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝનો ફોટો

કોર્ટ ફી સ્ટેમ્પ

પ્રતિ,
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી,
.......... જિલ્લો- અમદાવાદ

આથી હું નીચે સહી કરનાર-----------------------------------------------------------------ખાતે બાંધવા અને / ખોલવા ધારેલી આહારગૃહની નોંધણી માટે અરજી કરુ છું / કરીએ છીએ. માંગ્યા પ્રમાણેની માહિતી નીચે પુરી પાડી છે. અને સોગંદપૂર્વક જણાવવું છું / છીએ કે તે માહિતી મારા / અમારી ઉપલબ્ધ જાણ પ્રમાણે સાચી છે.નોંધણી માટેના નિયમો નાં નિયમ- ૫ અન્વયે ઠરાવવામાં આવેલી છે. ફી આપ્યાનાં પૂરાવા તરીકે હું / અમે રૂપિયા------------------ની રકમનું ચલણ બીડેલ છે.

૧. આહારગૃહનુ નામ :-

૨. આહારગૃહનુ પુરેપુરૂં સરનામું :-

૩. આહારગૃહ નાં માલિકનું પુરેપુરૂ નામ :-

૪. માલિકનાં રહેઠાણનું પુરેપુરૂ સરનામું :-

૫. સને. ૧૮૪૮ નાં મુંબઈ નાં દુકાનો અને પેઢીઓ બાબતનાં અધિનિયમ હેઠળના નોંધણી પ્રમાણપત્રનો ક્રમાંક. :-

સ્થળ :------------
તારીખ :--------- /---------/---

સહી---------------------

### :- એકરાર :-

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો / હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત / વિગત રજૂ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :
તારીખ :

................................ ..
(અરજદારની સહી/ અંગુઠાનું નિશાન)

# પોલીસ અધિકારીશ્રી એ રજુ કરવાનું ચેકલીસ્ટ

૧. અરજદારનું નામ

ઉંમર :-

સરનામું

૨. જગ્યાએ સાર્વજનીક ખાનપાનની જગ્યા ચલાવવાનું :-

યોજવામાં આવ્યું હોય તે જગ્યા

(અ) ઘરનો નંબર :-

(બ) શેરી અથવા લતો :-

(ક) સ્થળનું નામ ગામ અથવા કસબો) :-

૩. જે સાર્વજનીક ખાનપાનની જગ્યા ચલાવવાનું :-

યોજવામાં આવ્યું હોય તે જગ્યાનો પ્રકાર

૪. (અ) લાયસન્સદાર તરીકે અરજદારની (ચાલચલગત)યોગ્યતા :-

(બ) અરજદાર હાલ શું ધંધો કરે છે.? :-

૫. સ્થળની વસ્તી ?

૬. (અ) જે જગ્યામાં લાયસન્સ માટે માંગણી કરી હોય તે જગ્યાથી :-

આશરે ૧૦૦ વારનાં ઘેરાવામાં લાયસન્સ અપાયેલ સાર્વ.

ખાનપાનની જગ્યાઓની સંખ્યા.

૭. જેને માટે અરજી કરી હોય તે સાર્વજનીક ખાનપાનની જગ્યા :-

ખોલવાની જરૂરિયાત

૮. યોજેલ સાર્વજનીક ખાનપાનની જગ્યાથી મોટર સ્ટેન્ડ બજાર :-

સિનેમાગૃહ અને રેલ્વે સ્ટેશન નજીક છે કે કેમ ?

અને કેટલા અંતરે?

૯. ચોખ્ખાઈ અને ઘરાકોને બેસવા માટેની વ્યવસ્થા :-

૧૦. ખરાબ-ચાલચલગતવાળા શખ્સો લત્તામાં વારંવાર આવજા :-

કરે છે કે નહીં અને અરજદારને સાર્વજનીક ખાનપાનની જગ્યા

ખોલવાની પરવાનગી આપવામાં આવે તો ગુનાનો વધારો

થવાનો સંભવ છે કે નહી. ?

૧૧.(અ) સ્થળ સાર્વજનીક ખાનપાનની જગ્યા કરવા લાયક છે કે કેમ? :-

(બ) અરજદારે જગ્યા એ સાર્વજનીક ખાનપાનની જગ્યા ચલાવવા જણાવે છે તે મકાનમાં સહેલાઈથી જઈ બહાર નીકળી શકાય તેવો રસ્તો છે કે કેમ? :-

(ક) અરજદાર જે મકાનમાં સાર્વ. ખાનપાનની જગ્યા ચલાવવા જણાવે છે તેનાથી તે જગ્યાની નજીકનાં રહીશોને અડચણ થાય છે કે કેમ?

(ડ) અરજદારે જે જગ્યાએ સાર્વ. ખાનપાનની જગ્યા ચલાવવા માંગે છે તે જગ્યા મકાન , તંબુ કે ઝુંપડું છે? તેમજ સદરહું જગ્યાએ હવા ઉજાસ ના પુરતાં સાધન છે કે કેમ? :-

(ઈ) અરજદારે જે જગ્યાએ સાર્વ. ખાનપાનની જગ્યા ચલાવવા માંગે છે તેમાં કેટલા ઓરડાઓ છે દરેક ઓરડાઓની લંબાઈ પહોળાઈ કેટલી છે? ::-

(ફ) આગનાં જોખમ સામે શું વ્યવસ્થા કરવામાં આવી છે.? :-

(ગ) ગંદા પાણીનાં નિકાલ માટે શું વ્યવસ્થા છે? સદરહું મકાનમાં નળ, ગટર અને વિજળી ના જોડાણ છે કે કેમ? :-

૧૨. અરજદાર કોઈપણ એજન્ટ અથવા એજન્ટોની નિમણુક કરવા ઘારતો હોય તો એજન્ટ અથવા એજન્ટોની યોગ્યતા અને સુચિત એજન્ટ અથવા એજન્ટોને અરજદાર સાથે શું સગપણ છે ? અથવા તેઓ એરજદારનાં પગારદાર નોકરો છે કે કેમ? :-

૧૩. અરજદારે લાયસન્સ માટે પ્રથમ અરજી કરેલ હોય તો તે ક્યારે અને તેનું શું પરિણામ આવેલ? :-

૧૪. પોલીસ સબ ઈન્સ્પેકટર/પો.ઇન્સ નો અભિપ્રાય :-

૧૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રીનો અભિપ્રાય :-

૧૬. સબ.ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીનો નિર્ણય :-

## પરિશિષ્ટ :-૨/૬૦

## આરોગ્ય અધિકારીશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર"

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી -----------------------------------------------------------
રહે ----------------------------------------------------------------------------------------------------------------
તાલુકો----------------જી અમદાવાદ ઓ ને ----------------------------------સ્થળે આહારગૃહની નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવે તો આરોગ્યની દ્રષ્ટીએ વાંધા સરખું નથી.

સહી/નામ/સિક્કો
મેડિકલ ઓફીસરશ્રી
પ્રા.આ.કેન્દ્ર/સા.આ.કેન્દ્ર

સ્થળ :

તારીખ: / /

કચેરીનું
સીલ

## ચેકલીસ્ટ(મુદ્દા.નં.૬૦)

## આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે)

| અનુ.નં. | વિગત | હા / ના / લાગુ પડતુ નથી | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજી પત્ર (પરિશિષ્ટ-૧/૬૦) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે? | | |
| ૩ | સ્થાનિક આરોગ્ય અધીકારીનું " નાં વાંધા પ્રમાણપત્ર" (પરિશિષ્ટ-૨/૬૦) | | |
| ૪ | રજીસ્ટ્રેશન ફી પેટે ભરેલ ફી નું અસલ ચલન | | |
| ૫ | અરજદારનાં રહેઠાણનો પુરાવો | | |
| ૬ | શોપ એક્ટ હેઠળ નોંધાયેલ પ્રમાણપત્ર | | |
| ૭ | જમીન અંગેનાં માલિકી પુરાવા ભાડાચિઠ્ઠી / ભાડા કરાર સંમતિ પત્ર. | | |
| ૮ | જીમીનઅંગેની બીનખેતી (એન.ઓ.સી.)ની પ્રમાણિત નકલ. | | |
| ૯ | ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજની ખરી નકલ | | |
| ૧૦ | યુઝર ચાર્જ ભરપાઇ થયેલ છે? | | |

સ્થળ :

તારીખ:

---------------------------

અરજદારની સહી/ નામ

**ખાસનોંધ:** ચેકલીસ્ટના કોલમ નં.૩ માં "હા/ના અથવા લાગુ પડતુ નથી" તેમ સ્પષ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાન નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એક પણ મુદ્દાની પુર્તતા બાકી **હશે તો અરજી પત્ર સ્વિકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

અરજી પત્રક સ્વિકાર્યુ

......................

જન સેવા કેન્દ્ર ફરજ પરના

કર્મચારીની સહી/નામ/સિક્કો/તારીખ